## પ્રકરણ - (૫)

## નાટ્યશાસ્ત્રના પૂર્વાચાર્યો, સમકાલીનો અને ટીકાકારો

નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખાયેલ (૧) આનુવંશ્ય આર્યાઓ તથા શ્લોકો (૨) પૂર્વાચાર્યો અને પ્રાચીન ગ્રંથોના નામ (૩) ભરતમુનિના સો પુત્રો - ભરતમુનિ પૂર્વે પણ નાટ્ય તેમજ અન્ય શાસ્ત્રપ્રણેતા આચાર્યો હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. આનુવંશ્ય આર્યાઓ તથા શ્લોક નિશ્ચિતપણે આચાર્ય-શિષ્યોની પરંપરામાંથી લેવામાં આવ્યા છે અને તે નાટ્યશાસ્ત્રનો મૌલિક અંશ નથી. કેટલાક વિદ્વાનો નટસૂત્રો રુપે સૂત્ર અને કારિકાઓનો સંગ્રહગ્રંથ ભરત પૂર્વે પ્રચલિત હોય જેમાંથી આ આર્યાઓ લેવામાં આવી હોવાનો સંભવ સ્વીકારે છે. પાણિનિ વ્યાકરણના પ્રથમ આચાર્ય હોવા છતાં તેમની પૂર્વે વ્યાકરણ શાસ્ત્રીઓની એક લાંબી પરંપરા હતી તેમ ભરતમુનિ નાટ્યશાસ્ત્રના આદ્ય પ્રણેતા હોવા છતાં તેમની પૂર્વે નાટ્ય અને નાટ્યશાસ્ત્રની એક લાંબી પરંપરા હોવાનું નકારી શકાય નહીં .

### વૈદિક સાહિત્યમાં નાટ્યના તત્ત્વો[1]

ઋગ્વેદમાં, યમ અને યમી, પુરુરવા અને ઉર્વશી, ભાર્ગવ અને ઇન્દ્ર વિગેરે વિવિધ સુમધુર સંવાદો સુચવાયેલા છે. ડો.હર્ટલના મતે[2] આ સંવાદોમાં ભજવાયેલી દેવલીલાઓ છે. પાછળથી લખાયેલા 'સુપર્ણાધ્યાય' નામના વૈદિક ગ્રંથને તેઓ ખરેખરું નાટકજ માને છે. મોટા મોટા યજ્ઞોને નિમિત્તે થતા સત્રોના વચ્ચેના નિવૃત્તિના ગાળામાં મનોરંજન માટે થતાં પ્રયોગોમાં નૃત્ય અને નાટકોના અંશનો વિકાસ થયો હોવાની સંભાવના શ્રી કે.કા.શાસ્ત્રી સ્વીકારે છે. તેમના મતે વૃષાકપિ સૂકત, મુદ્ગલસૂકત, ઇન્દ્રસૂકત વિગેરે સુકતોમાં જાણે કે વેષ ધારણ કરેલો વકતા સાભિનય રજુઆત કરતો હોય એમ લાગે છે. વાજસનેયી સંહિતામાં મળતો શૈલુષ શબ્દ નર્તકનો વાચક હોવાનું ગણી વૈદિક સાહિત્યમાં સાભિનય મૂક નૃત્યોનો વિકાસ થયો હતો એવું સ્વીકારવામાં શ્રી કે.કા.શાસ્ત્રીને કોઇ બાધ જણાતો નથી.[3]

## નટ્સૂત્રો :

ઇ.સ.પૂર્વે ૫૦૦ માં થઇ ગયેલા પાણિનિ કૃત અષ્ટાધ્યાયીમાં કૃશાશ્વ અને શિલાલિન નામના આચાર્યોના નટ્સૂત્રોનો ઉલ્લેખ મળી આવે છે. સિલ્વાન લેવી અને હિલ્લે બ્રાન્ટ આ નટ્સૂત્રોને નટવિદ્યાના ગ્રંથ હોવાનું કહે છે. જ્યારે વેબર અને કોનો અને એ બંનેને અનુલક્ષીને કીથ તેને નૃત્તવિદ્યાના ગ્રંથો માને છે. શ્રી કે.કા.શાસ્ત્રી,[૫] રામાયણના અયોધ્યાકાંડમાં નાટકો અને હાસ્યના ઉલ્લેખને આધારે, રામાયણની રચના પૂર્વેની ચાર-પાંચ સદીમાંજ થઇ ગયેલા પાણિનિને નાટક અજાણ્યું ન હોવાની દલીલ આગળ ધરી નટ્સૂત્રોથી પાણિનિને નાટ્યવિદ્યાના ગ્રંથ અભિપ્રેત હોવાનું જણાવે છે. કૃશાશ્વ અને શિલાલિનની પરંપરાના નાટ્યાચાર્યોની પ્રતિભાનું ફળ ભરતને વારસામાં મળ્યું હોવાની સંભાવના કેટલાક વિદ્વાનો સ્વીકારે છે.

### નાટ્યશાસ્ત્રમાં પૂર્વાચાર્યોના ઉલ્લેખો

નાટ્યશાસ્ત્રમાં વિવિધ વિષયોની વિવેચનાના સંદર્ભમાં, ભરતમુનિ પૂર્વે થઇ ગયેલા કેટલાક આચાર્યોના નામો મળી આવે છે. જેમ કે શબ્દ-લક્ષણની મીમાંસા કરતી વખતે પુર્વાચાર્ય, ગાંધર્વના સંદર્ભમાં સ્વાતિ, છંદ સંબંધી ચર્ચા કરતી વેળા ગુહ, ધ્રુવાની વિવેચનાના અનુસંધાનમાં નારદ, અંગહાર અને કરણ સંબંધી ચર્ચામાં તણ્ડુ તથા નન્દી, માનવીય ગુણોના સંદર્ભમાં બૃહસ્પતિનો ઉલ્લેખ મળે છે. વળી ગ્રંથમાં કામતંત્ર (વાત્સ્યાન કૃત કામસૂત્ર નહીં) અને પુરાણોના નામોલ્લેખ પણ મળી આવે છે.

### નાટ્યશાસ્ત્રના સમકાલીનો

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાય તેમજ નાટ્યવતાર નામના છેલ્લા અધ્યાયમાં ભરતપુત્રોના નામોલ્લેખો મળી આવે છે. ભરતપુત્રો હોવાને નાતે તેઓ ભરતમુનિના પૂર્વાચાર્ય નહી પણ સમકાલીન ઠરે છે. આ સો પુત્રોમાંથી કેટલાક નાટ્યાચાર્ય મુખ્ય છે. સ્વયં ભરતમુનિએ તેમનો નાટ્યાચાર્ય રુપે નહીં પણ નાટ્યપ્રયોક્તા અને શાસ્ત્રપ્રણેતા રુપે ઉલ્લેખ કર્યો છે (ના.શા.અધ્યાય-૧ /૨૬-૩૯ તથા ૩૬/૭૧)

## કોહલ

નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખાયેલ ભરતપુત્રોમાં કોહલ સહુથી વધારે પ્રસિધ્ધ આચાર્ય છે. ના.શા.પ્રથમ અધ્યાયમાં ભરતપુત્રોની નામગણનામાં કોહલનો સાધારણ ઉલ્લેખ મળે છે પણ નાટ્યશાસ્ત્રના છેલ્લા અધ્યાયમાં કોહલ આચાર્ય રુપે ભરતમુનિના વારસદાર નિરુપતિ થયા છે. આચાર્ય કોહલે સંગીત, નૃત્ય તથા અભિનય સંબંધી સ્વતંત્ર ગ્રંથો રચ્યા હોવાનું અનુમાન છે. અભિનવગુપ્ત, નાટ્યના અગિયાર અંગો વિશે મુળગ્રંથમાં જે ઉલ્લેખ મળી આવે છે (અધ્યાય ૬ શ્લોક ૧૦) તે કોહલ અનુસાર (ભરત અનુસાર નહિ) હોવાનું જણાવે છે. કોહલના મંતવ્યોનો ઉલ્લેખ અભિનવભારતી, ભાવપ્રકાશન તથા નાટ્યદર્પણમાં રુપકોની સંખ્યાના સંદર્ભમાં મળી આવે છે. આ ગ્રંથોમાં રુપકોની સંખ્યા વધારનાર તરીકે તેમજ નાટિકા, સટ્ટક જેવા નાટ્યપ્રભેદો પ્રચલિત કરનાર તરીકે કોહલનો ઉલ્લેખ થયો છે. રસાર્ણવ સુધાકરમાં ભરતમુનિની સાથે કોહલ, દત્તિલ આદિનો સ્વતંત્ર નાટ્યાચાર્ય રુપે ઉલ્લેખ થયેલો છે. રાજશેખરે બાલરામાયણ નાટકમાં કોહલાચાર્યનો નાટ્ય પ્રયોકતા રુપે ઉલ્લેખ કર્યો છે. દામોદર ગુપ્તે કુટ્ટનીમતમાં ભરતની સાથે કોહલનો ઉલ્લેખ કર્યો છે. સંગીતગ્રંથોમાં કોહલ વિષયક વિવરણ તથા તેમના અવતરણો મળી આવે છે. સારંગદેવના 'સંગીત રત્નાકર' તેમજ તેના પરની સિંહભૂપાલ અને ચતુરદામોદરની ટીકાઓમાં કોહલના નામથી અવતરણો ટાંકવામાં આવેલા છે. પાર્શ્વદેવના સંગીત સમયસારમાં કોહલની સાથે દત્તિલ આચાર્યનો સંગીતશાસ્ત્રના આચાર્યરુપે ઉલ્લેખ મળી આવે છે. મદ્રાસના શાસકીય હાથપ્રત ગ્રંથાગારમાં કોહલપ્રોકત ગ્રંથનો ૧૩ મો અધ્યાય સંગ્રહાયેલો હોવાનું અને તેનું નામ 'કોહલ રહસ્ય' હોવાનું શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[9] તેમના નાટ્યશાસ્ત્રના હિન્દી અનુવાદની પ્રસ્તાવનામાં નોંધે છે. આ ગ્રંથ ખંડિત છે પણ તેમાં કોહલનો ભરતપુત્ર રુપે ઉલ્લેખ થયેલો છે. આ ઉપરાંત કોહલાચાર્ય પ્રણીત કોહલમતમ્ નામનો અન્ય ગ્રંથ પણ મળે છે જેમાં પુષ્પાંજલિનું કેવળ સ્વરુપ માત્ર બતાવવામાં આવ્યું છે. કોહલીયમ નામનો અન્ય ગ્રંથ લંડનની ઈંડિયા ઓફીસ સંગ્રહાલયમાં છે અને તે તાડીપત્ર પર લખાયેલો છે. આચાર્ય કોહલના આ બધા ગ્રંથો

અપૂર્ણ અને અપ્રકાશિત છે. શ્રી કૃષ્ણમાચારી[૭] 'તાલાધ્યાય' કોહલને નામે મળતો હોવાનું તેમજ કોહલને નામે એક અભિનયશાસ્ત્ર મળતું હોવાનું નોંધે છે. કોહલે દત્તિલને આપેલા પ્રવચનોના સંગ્રહ સમો 'દત્તિલ-કોહલીયમ્' ગ્રંથ પણ હોવાનું તેઓ જણાવે છે. 'સંગીતરત્નાકર' નો ટીકાકાર કલ્લિનાથ કોહલમાંથી લાંબા ઉતારા આપે છે એવું જણાવી શ્રી ડોલરરાય માંકડ કલ્લિનાથના લાંબા ઉતારા ઉપરથી કોહલ અને શાર્દુલ વચ્ચેના સંવાદરુપે એક પુસ્તક હોવાનું અનુમાન કરે છે.[૮] કોહલ પોતે નટ હોવાનું પણ તેઓ નોંધે છે. અભિનવગુપ્ત બીજા અધ્યાયના પહેલા શ્લોકની ટીકામાં **કોહલાદય ઈવ નટાઃ** એવો ઉલ્લેખ પણ કરે છે. શ્રી રામકૃષ્ણ કવિ[૯] કોહલનો સમય ઈ.સ.પૂર્વેની ત્રીજી સદી નિર્ધારીત કરે છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[૧૦] કોહલ ભરતમુનિના સમકાલીન હોવાનું જણાવી, ભરતે અતિ વૃધ્ધ અવસ્થામાં ના.શા. રચના કરી હોવાનું અનુમાન તેઓ મુનિ કહેવાયા તેથી અને અંતિમ અધ્યાયમાં બાકીનું કોહલ કહેશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી તેના આધારે કરે છે. (હિન્દી અનુવાદની પ્રસ્તાવના)

## <u>દત્તિલ</u>

ભરતપુત્ર દત્તિલ, કોહલ પછીના વિશેષ જાણીતા આચાર્ય છે. તેઓ ભરતમુનિના સમકાલીન શાસ્ત્રકાર હતાં. અભિનવગુપ્તે, અભિનવભારતીમાં ધ્રુવા વિશે ચર્ચા કરતી વેળા દત્તિલનો મત ટાંકયો છે. રસાર્ણવસુધાકરમાં કોહલ વિગેરે આચાર્યોની સાથે દત્તિલનો પણ ભરતપુત્ર રુપે ઉલ્લેખ થયેલો છે. કુટ્ટનીમતમાં પણ દત્તિલનો નામોલ્લેખ આચાર્યરુપે થયેલો છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[૧૧], તાંજોર ગ્રંથાગારમાં 'દત્તિલ કોહલીયમ્' નામની એક અપ્રકાશિત હસ્તપ્રત હોવાનું અને તેમાં નૃત્યકળા વિષે વિશદ નિરુપણ હોવાનું જણાવે છે. દત્તિલમ એ દત્તિલનો સુપ્રસિધ્ધ અને સર્વવિદિત પ્રાપ્ય ગ્રંથ હોવાનું પણ તેઓ નોંધે છે. શ્રી પો.વો.કાણે[૧૨] ના મતે ભંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટમાં સંગ્રહાયેલી અભિનવભારતીની હસ્તપ્રતમાં આતોદ્ય અને તાલ સંબંધી દત્તિલના અનેક પધાંશો અવતરણ

રુપે ટાંકવામાં આવ્યા હોવાનું જણાય છે. શ્રી રામકૃષ્ણ કવિ[13] દત્તિલના 'ગાંધર્વ વેદસાર' ગ્રંથનો ઉલ્લેખ પણ કરે છે.

## અશ્મકુટ્ટ અને નખકુટ્ટ

આ બંને આચાર્યોનો ભરતપુત્ર રુપે ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં મળે છે. સાગરનન્દીએ નાટક લક્ષણ રત્નકોષમાં વિવિધ સંદર્ભમાં અશ્મકુટ્ટનો ચાર વખત અને નખકુટ્ટનો બે વાર મત ટાંકયો છે. વિશ્વનાથે પોતાના પ્રસિદ્ધ ગ્રન્થ સાહિત્યદર્પણના આમુખમાં વિથિ અંગ તથા અન્ય નાટ્યતત્વો સંબંધી ચર્ચા કરતી વેળા અશ્મકુટ્ટના શ્લોક ટાંકયા છે. એટલે સાગરનન્દી અને વિશ્વનાથના સમય દરમ્યાન અશ્મકુટ્ટ અને નખકુટ્ટના ગ્રંથો મોજૂદ હોવાનું અનુમાન કરી શકાય.

## બાદરાયણ અને શાતકર્ણી

નાટ્યશાસ્ત્રમાં બાદરાયણનો ઉલ્લેખ ભરતપુત્ર રુપે કરવામાં આવ્યો છે. નાટક લક્ષણરત્નકોષમાં બાદરાયણનો મત ત્રણ જગ્યાએ ટાંકવામાં આવ્યો છે. તેના આધારે તેમણે કોઇ નાટ્યશાસ્ત્રીય ગ્રંથ લખ્યો હોવાનું અનુમાન થઇ શકે છે.

ઇ.સ.પૂર્વેની પહેલી સદીથી બીજી સદીના શિલાલેખોમાં શાતકર્ણીનો વારંવાર ઉલ્લેખ થયો છે. ભરતપુત્રોની નામગણનામાં શાતકર્ણીની જગ્યાએ શાલકર્ણી શબ્દ વપરાયો છે. કદાચ 'ત' અને 'લ'ના સામ્યને કારણે લહિયા વડે આવું બનવા પામ્યું હોય. રુચિપતિ ઉપાધ્યાયની અનર્ઘરાવ ટીકામાં પણ શાતકર્ણીનો મત મળી આવે છે. નાટક લક્ષણ રત્નકોષમાં પણ શાતકર્ણીનો મત ટાંકવામાં આવ્યો છે એટલે શાતકર્ણી નાટ્યવિદ્યાના આચાર્ય હોવાનું અનુમાન થઇ શકે છે.

આ ઉપરાંત નાટ્યશાસ્ત્રમાં વાત્સ્ય તથા શાણ્ડિલના નામોનો ઉલ્લેખ પણ છેલ્લા અધ્યાયમાં કોહલ અને દત્તિલના નામોની સાથે નાટ્ય પ્રયોક્તા/નાટ્યવિદ્યાના આચાર્ય તરીકે

થયો છે પણ તેમનો કોઇ ગ્રંથ કે કોઇ અન્ય ગ્રંથમાં તેમના નામથી કોઇ મત ટાંકવામાં આવેલો જોવા મળતો નથી.

## તણ્ડુ / નન્દિ / નન્દિકેશ્વર

તણ્ડુનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં ભરતના પુત્ર રુપે તેમજ તાણ્ડવનૃત્તના ગુરુ રુપે થયેલો છે. તાણ્ડુનો પરિચય આપતાં, અભિનવગુપ્ત તણ્ડુ નન્દીનુંજ બીજું નામ હોવાનું જણાવે છે. અભિનવગુપ્ત તથા શારદાતનય બંને જણા નંદિમતનો ઉલ્લેખ કરે છે. એટલે કેટલાક વિદ્વાનો ભરતમુનિ પૂર્વે તણ્ડુ અથવા નન્દી નામના કોઇ નાટ્યાચાર્ય થઇ ગયા હોવાનું માને છે. કેટલાક વિદ્વાનો અભિનયદર્પણના કર્તા નન્દિકેશ્વર તે નન્દી અથવા તણ્ડુ હોવાનું જણાવે છે. અભિનયદર્પણ 'નાટ્યશાસ્ત્ર'ની અનુગામી કૃતિ છે.

## તુમ્બરુ

નાટ્યશાસ્ત્રમાં રેચક, કરણ, અંગહાર તથા સંગીતની મીમાંસા કરતી વેળા તુમ્બરુનો નામોલ્લેખ થયેલો જોવા મળે છે. પુરાણોમાં પણ તુમ્બરુ નૃત્ય-સંગીતના પ્રસિદ્ધ આચાર્ય હોવાનો ઉલ્લેખ છે. આમ તેઓ પુરાણકાળની વ્યકિત હોવાનો સંભવ છે પણ તેમનો કોઇ ગ્રંથ કે તેમનો કોઇ મત ઉલ્લેખાયેલો જોવા મળતો નથી.

## કાશ્યપ

ભરતના સમકાલીન સંગીત તથા નાટ્યશાસ્ત્રકાર હોવાનું અભિનવગુપ્ત અભિનવભારતીમાં તેમના નામે એક લાંબુ અવતરણ આપે છે તે પરથી જણાય છે. આ લાંબા અવતરણમાં જાતીઓ તથા રાગ સંબંધી શાસ્ત્રકારોના મત ટાંકવામાં આવ્યા છે જે કૈશિક, ટક્ક, સૌવીર અને માલવકૈશિક વિગેરે રાગોનું સ્વરુપ સ્પષ્ટ કરી આપે છે. આમ ભરતમુનિના સમકાલીન શાસ્ત્રકારો રાગનું જ્ઞાન ધરાવતાં હોવાનું જણાય છે.

## નાટ્યવિદ્યાના મધ્યકાલીન આચાર્યો

નાટ્યવિદ્યાના મધ્યકાલીન આચાર્યો - નાટ્યશાસ્ત્રના અનુવર્તી-માં વિશાખિલ, ચારાયણ, કાત્યાયન, રાહુલ, ગર્ગ, ઘણ્ટક, સુબન્ધુ વિગેરેનો સમાવેશ કરી શકાય.

### વિશાખિલ તથા ચારાયણ

આચાર્ય અભિનવગુપ્તે, અભિનવભારતીમાં વિશાખિલનું એક અવતરણ ટાંકયું છે, જેના આધારે નાટ્યવિદ્યા પર તેમની કોઇ કૃતિ હોવાનું અનુમાન કરી શકાય. સાગરનન્દીએ નાટકલક્ષણરત્નકોષમાં ચારાયણનો ઉલ્લેખ કર્યો છે જેના આધારે તેઓ પણ નાટ્યવિદ્યાના આચાર્ય હોવાનું જણાય છે.

### કાત્યાયન, રાહુલ તથા ગર્ગ

આચાર્ય અભિનવગુપ્તે કાત્યાયનનું એક અવતરણ ટાંકયું છે જેના આધારે તેમણે નાટ્યવિદ્યા અને છંદશાસ્ત્ર સંબંધી ગ્રંથો રચ્યા હોવાનું જણાય છે. સાગરનન્દીએ પણ કાત્યાયનનું એક અવતરણ ટાંકયું છે જે તેઓ નાટ્યવિદ્યાના આચાર્ય હોવાનું સિધ્ધ કરે છે.

આચાર્ય અભિનવગુપ્ત તથા સાગરનન્દીએ આચાર્ય રાહુલના કેટલાક અવતરણો ટાંકયા છે જેનાથી તેઓ નાટ્યવિદ્યાના આચાર્ય હોવાની પ્રતીતિ થાય છે.

સાગરનન્દી ગર્ગનો પણ નાટ્યવિદ્યાના આચાર્ય તરીકે ઉલ્લેખ કરે છે પણ તેમનો કોઇ મત ટાંકતા નથી એના પરથી એવું અનુમાન થઇ શકે કે સાગરનન્દી તેમના કોઇ ગ્રંથથી પરિચિત હોય પણ તેમનું કોઇ અવતરણ જરુરી ન લાગતા ટાંકયું ન હોય.

### ઘણ્ટક

આચાર્ય અભિનવગુપ્ત નાટ્યશાસ્ત્રની ટીકામાં ઘણ્ટકના મતનો ઉલ્લેખ કરે છે પણ નાટ્યવિદ્યા વિષયક તેમણે કોઇ ગ્રંથ રચ્યો હોય તેવું સ્પષ્ટ થતું નથી.

## સુબન્ધુ

શારદાતનય, ભાવપ્રકાશનમાં સુબન્ધુના નાટ્યસ્વરૂપ અંગેના એક વિશિષ્ટ મતનો ઉલ્લેખ કરે છે. અન્ય ગ્રંથોમાં સુબન્ધુ સંબંધી કોઇ વિવરણ મળતું નથી. નામ સામ્યને કારણે કેટલાક વિધાનો તેને વાસવદત્તા નામના ગદ્યકાવ્યના રચયિતાથી અભિન્ન માને છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી તેમના નાટ્યશાસ્ત્ર - પ્રદીપ ભાગ-૧ નો પ્રસ્તાવનામાં જણાવે છે તેમ જો ગદ્યકાવ્યનો રચયિતા સુબન્ધુજ નાટ્યવિદ્યાને લગતા કોઇ ગ્રંથનો કર્તા હોય તો તેમનો પણ પમીથી છઠ્ઠી સદી વચ્ચેનો સમય નક્કી કરી શકાય.

## નાટ્યશાસ્ત્રના ટીકાકારો

ભરતમુનિના નાટ્યશાસ્ત્ર પર અનેક આચાર્યોએ ટીકા લખી હોવાનું જણાય છે પણ હાલ કેવળ અભિનવગુપ્તની ટીકા અભિનવભારતીજ ઉપલબ્ધ છે. જેના આધારે નાટ્યશાસ્ત્ર પર લખાયેલ ટીકાઓ, વાર્તિકો તથા સ્વતંત્ર નાટ્યરચનાઓ વિશે જાણવા મળે છે. આચાર્ય અભિનવગુપ્તે ભટ્ટ ઉદ્ભટને નાટ્યશાસ્ત્રના ટીકાકાર માન્યા છે જેનું સમર્થન સારંગદેવ, સંગીતરત્નાકરમાં કરે છે. સારંગદેવ એ ઉપરાંત કોર્તિધર આચાર્ય, ભટ્ટ લોલ્લટ, શ્રી શંકુક, ભટ્ટ નાયક તથા અભિનવગુપ્તનો ઉલ્લેખ પણ કરે છે. અભિનવગુપ્ત અનુસાર ભટ્ટ યન્ત્ર પણ નાટ્યશાસ્ત્રના ટીકાકાર હતા. નાટ્યશાસ્ત્રના ટીકાકારો મોટે ભાગે કાશ્મીરી વિદ્વાનો છે, જે સૂચક છે. એક માત્ર અભિનવગુપ્તની અભિનવભારતી સિવાય અન્ય કોઇ ટીકાકારના ગ્રંથ હાલ ઉપલબ્ધ નથી.

## ભટ્ટ ઉદ્ભટ

આચાર્ય ભટ્ટ ઉદ્ભટ રાજતરંગિણીના કર્તા કલ્હણના મત પ્રમાણે ૮ મી સદીમાં થઇ ગયેલા કાશ્મીરી સમ્રાટ જયપીડના દરબારી હતાં એટલે તેમનો સમય ૮મી સદી નિર્ધારિત કરી શકાય. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[१४] તેમને ૭મી સદીના મધ્યકાળમાં મૂકે છે તો અન્ય વિદ્વાનો સાતમી સદીના ઉત્તરાર્ધમાં.

અભિનવભારતીમાં અધ્યાય ૬., ૯ તથા ૨૯ પરની ટીકામાં અનુક્રમે રસ, હસ્તપ્રચાર અને સમવકાર રુપકના સંદર્ભમાં તેમજ વૃત્તિ અને સંધ્યંગો પરની ટીકામાં અભિનવગુપ્ત ભટ્ટ ઉદ્‌ભટના મતોનો ઉલ્લેખ કરે છે.

## શકલીગર્ભ

અભિનવગુપ્ત પાંચમી નાટ્યવૃત્તિ હોવાનો અસ્વીકાર કરતી વેળા શકલીગર્ભના મતનો ઉલ્લેખ કરે છે. ભટ્ટ લોલ્લટનો મત અભિનવગુપ્તના મતને મળતો આવતો હોવાથી શકલીગર્ભ ઉદ્‌ભટ્ટ અને ભટ્ટ લોલલટના વચગાળાના સમયમાં એટલે કે ૯મી સદીમાં થઇ ગયા હોવાનું અનુમાન કરી શકાય. તેમણે સંપૂર્ણ નાટ્યશાસ્ત્ર ઉપર ટીકા લખી હોવાનું કોઇ પ્રમાણ ઉપલબ્ધ નથી. શ્રી રામકૃષ્ણ કવિ[15] શકલીગર્ભ અને ઉદ્‌ભટ્ટ બંને એકજ વ્યક્તિ હોવાનું જણાવે છે પણ શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[16] તથા સુરેન્દ્રનાથ દીક્ષિત,[17] શકલીગર્ભ અને ઉદ્‌ભટ્ટ જો એકજ વ્યક્તિ હોત તો અભિનવગુપ્તે બે જુદા નામો સ્વીકાર્યા ન હોત એવી દલીલ આગળ ધરી શકલીગર્ભ અને ઉદ્‌ભટ્ટ બે જુદી વ્યક્તિઓ હોવાનું જણાવે છે.

## ભટ્ટ લોલ્લટ

આચાર્ય ભટ્ટ લોલ્લટ ઉદ્‌ભટ્ટ અને શકલીગર્ભના પશ્ચાદગામી આચાર્ય છે. વિદ્વાનો તેમનો સમય ઇ.સ.૮૦૦ થી ૮૪૦ વચ્ચેનો સ્વીકારે છે. અભિનવગુપ્ત, ભરતના રસસૂત્રની વ્યાખ્યા તથા રસની સંખ્યા બાબત, (અધ્યાય-૬), અંક શબ્દનો વ્યુત્પત્તિ લભ્ય અર્થ પ્રસ્તુત કરતી વખતે તથા નાટિકા સંબંધી ચર્ચા કરતી વેળા અનુક્રમે અધ્યાય ૧૨, ૧૩, ૧૮ પરની ટીકામાં ભટ્ટ લોલ્લટના મતનો ઉલ્લેખ કરે છે. આ પરથી નાટ્યશાસ્ત્રના બધાજ અધ્યાય અથવા ૬, ૧૩, અને ૨૧ માં અધ્યાય પર ભટ્ટ લોલ્લટે ટીકા લખી હોવાનું અનુમાન કરી શકાય. કાવ્યાનુશાસનના કર્તા હેમચંદ્ર પણ ભટ્ટ લોલ્લટના બે શ્લોક ટાંકે છે. રસવિવેચનના સંદર્ભમાં મમ્મટ પણ કાવ્યપ્રકાશમાં ભટ્ટ લોલ્લટના મતને ટાંકે છે. કાવ્યપ્રકાશના ટીકાકાર માણિકયચંદ્ર પણ લોલ્લટના મતનો ઉલ્લેખ કરે છે.

## શ્રી શંકુક

શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત,[18] આચાર્ય શ્રી શંકુક ભટ્ટોદ્ભટ્ટ અને લોલ્લટના અનુગામી આચાર્ય હોવાનું જણાવે છે જ્યારે શ્રી બાબુલાલ શુક્લ[19] શાસ્ત્રી તેઓ લોલ્લટના કનિષ્ઠ સમકાલીન હોવાનું જણાવે છે. તેઓ નાટ્યશાસ્ત્રના ટીકાકાર અને કાશ્મીરનિવાસી વિદ્વાન હતા. આચાર્ય અભિનવગુપ્ત, અભિનવભારતીમાં રંગપીઠના માપની ચર્ચા કરતી વેળા ત્રીજા અધ્યાયમાં, રસસૂત્રની વ્યાખ્યા કરતી વખતે છઠ્ઠા અધ્યાયમાં, નાટકની પરિભાષા સંબંધી વાત કરતાં ૧૮ માં અધ્યાયમાં તથા વિમર્શ સંધિ, ગર્ભ સંધિની ચર્ચા કરતી વેળા ૨૧મા અધ્યાયમાં તેમજ સામાન્ય અભિનયની ચર્ચા કરતા ૨૪મા અધ્યાયમાં શ્રી શંકુકના મતનો ઉલ્લેખ કરે છે. અભિનયભેદોની ચર્ચા કરતી વેળા શ્રી શંકુક દ્વારા પ્રતિપાદિત ૪૦ હજાર ભેદોનો પણ સંકેત કરે છે. આમ શંકુકે બીજા અધ્યાયથી ૨૯ અધ્યાય સુધી નાટ્યશાસ્ત્ર ઉપર ટીકા લખી હોવાનું જણાય છે.

## શંકુક કવિ

શાર્ઙ્ગધર, કલ્હણ તથા વલ્લભદેવના સૂક્તિ સંગ્રહોમાં શંકુકની કવિતાઓ ટાંકવામાં આવી છે. શાર્ઙ્ગધર પધ્ધતિ તથા સૂક્તિમુક્તાવલીમાં તેમને બાણના સમકાલીન સૂર્યશતકના કર્તા મયૂરના પુત્ર માનવામાં આવ્યા છે. કલ્હણે પોતાની રાજતરંગિણીમાં એક શંકુક કવિનો ભુવનાભ્યુદયના રચયિતા તરીકે ઉલ્લેખ કર્યો છે. કલ્હણ અજિતાપીડના સમકાલીન હતાં. તેમનો સમય ૯મી સદીનો પૂર્વાર્ધ માનવામાં આવ્યો છે. નાટ્યશાસ્ત્રના ટીકાકાર અને ભુવનાભ્યુદય કાવ્યના રચયિતા શંકુક કવિ જો એકજ હોય તો તેમનો સમય ૯મી સદીનો ગણી શકાય. શંકુક નૈયાયિક હતાં. મમ્મટ પણ કાવ્યપ્રકાશમાં રસ સંબંધી ચર્ચા કરતી વેળા શંકુકના મતનો ઉલ્લેખ કરે છે.

## ભટ્ટ નાયક

ધ્વન્યાલોક તથા અભિનવભારતીના વચગાળાના સમયમાં ભટ્ટ નાયક થઈ ગયા

હોવાનું અનુમાન કરી શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[20] તેમનો સમય ૧૦મી અને ૧૧મી સદી વચ્ચેનો જણાવે છે જ્યારે શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[21] ભટ્ટ નાયક કાશ્મીરના શાસક અવન્તિવર્મા તથા શંકરવર્માના સમકાલીન હોવાનું અનુમાન કરી તેમનો સમય ઇ.સ.૮૮૦ થી ૯૦૦ ની વચ્ચેનો માને છે. શ્રી દીક્ષિત, રંસતરંગિણીમાં ઉલ્લેખાયેલ શંકર વર્માના સમકાલીન એવા ભટ્ટ નાયકને સાધારણીકરણ સિધ્ધાંતના પ્રવર્તક ભટ્ટ નાયક કરતાં અલગ માને છે જ્યારે શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી બંને એકજ હોવાનું જણાવે છે. તેમણે સંપૂર્ણ નાટ્યશાસ્ત્ર પર ટીકા લખી હોય તેનું કોઇ નિશ્ચિત પ્રમાણ નહીં મળતું હોવાનુ શ્રી પો.વી. કાણે જણાવે છે.[22] ભટ્ટ નાયકના નામથી પ્રચલિત ગ્રંથ 'સાહિત્યદર્પણ' તથા અન્યત્ર ખંડ રુપે સંગ્રહાયેલ તેમના વિચારો પરથી સ્પષ્ટપણે જણાય છે કે તેમણે ધ્વનિસિધ્ધાંતનું ખંડન કર્યું હતું. આચાર્ય અભિનવગુપ્તે પોતાની લોચન ટીકા તથા અભિનવભારતીમાં ભટ્ટ નાયકના મંતવ્યોનો અસ્વીકાર કર્યો છે. અભિનવભારતીમાં નાટ્યશાસ્ત્રના પ્રથમ શ્લોકની 'બ્રહ્મણા યદુ દાહતમ્' પંકિતની સ્પષ્ટતા કરતી વખતે અભિનવગુપ્ત ભટ્ટ નાયકના મતનો તેમજ તેમના ગ્રંથ 'સહૃદયદર્પણ'નો ઉલ્લેખ કરે છે. આ ઉપરાંત રસસૂત્રની વ્યાખ્યા, નાટકોના લક્ષણ તથા સિધ્ધિ વિવેચન કરતી વેળા ભટ્ટનાયકના મતો ટાંકે છે. ભટ્ટ નાયક સાધારણીકરણ સિધ્ધાંતના પ્રથમ પ્રણેતા અને ભુકિતવાદના પ્રખર વિદ્વાન તરીકે પ્રસિધ્ધ હતાં. આચાર્ય અભિનવગુપ્ત ઉપરાંત રુય્યકે અલંકાર સર્વસ્વની વિમર્શિની ટીકામાં, હેમચંદ્રે કાવ્યાનુશાસન વિવેકમાં તથા મહિમ ભટ્ટે વ્યકિતવિવેકમાં ભટ્ટ નાયકનો, રસસિધ્ધાંતની સ્થાપના કરતી વેળા જે શ્લોક અભિનવગુપ્તે અવતરણ રુપે ટાંકેલો તેજ શ્લોક ટાંકેલો જોવા મળે છે.

## ભટ્ટ યન્ત્ર

અભિનવભારતીમાં આચાર્ય ભટ્ટ યન્ત્રના મતનો ઉલ્લેખ મળે છે જેના આધારે તેઓ નાટ્યશાસ્ત્રના ટીકાકાર હોવાનું જણાય છે પણ અન્યત્ર કયાંય તેમનો પરિચય મળતો નથી.

## આચાર્ય કીર્તિધર

અભિનવભારતીમાં, અભિનવગુપ્તે કેવળ એકવાર આચાર્ય કીર્તિધરનો મત ટાંકયો છે તથા તેમને નાટ્યશાસ્ત્રના પ્રાચીન ટીકાકાર માન્યા છે. કદાચ તેઓ ઉદ્‌ભટ્ટના સમકાલીન અથવા તેમના પણ પુરોગામી હોઈ શકે તેમને ઉદ્‌ભટ્ટના સમકાલીન માનવાથી તેમનો સમય ૭મી સદીનો કહી શકાય.

## નાન્યદેવ

અભિનવગુપ્તે નાન્યદેવના 'ભરતભાષ્ય' માંથી પણ અવતરણો ટાંકયા છે. નાન્યદેવનો ગ્રંથ 'ભરતભાષ્ય' ઉપલબ્ધ હોવાનું શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી જણાવે છે. નાન્યદેવે ભવભૂતિના 'માલતી માધવ' પ્રકરણ ઉપર એક વિદ્વત્તાપૂર્ણ ટીકા લખી હતી જેમાં 'ભરતભાષ્ય' નો ઉલ્લેખ કર્યો હતો. નાન્યદેવ અભિનવગુપ્તના પુરોગામી તથા ભવભૂતિના અનુગામી હોવાથી તેમનો સમય ૮મી સદીનો નક્કી કરી શકાય.

## ભટ્ટ તોત

અભિનવગુપ્તે, અભિનવભારતી તથા ધ્વન્યાલોક લોચનમાં ભટ્ટ તોતનો ઉલ્લેખ પોતાના ગુરુરૂપે કર્યો છે. તેમના-શાંતરસનો સ્વીકાર, રસની અનુકરણશીલતાનું ખંડન, નાટકનું રસરૂપે પ્રતિપાદન વિગેરે વિચારોનો અભિનવગુપ્ત પર સ્પષ્ટ પ્રભાવ વર્તાય છે. ભટ્ટ તોતે પોતાના કાવ્યકૌતુક નામના ગ્રંથમાં રસ તથા નાટ્યવિદ્યા સંબંધી વિષયોની તાત્વિક ચર્ચા કરી હોવાનું જણાય છે. અભિનવગુપ્ત, લોચન ટીકામાં પોતે કાવ્યકૌતુક પર વિવરણ ટીકા લખી હોવાનું જણાવે છે. અભિનવભારતીમાં તેમણે કાવ્યકૌતુકમાંથી ત્રણ પંકિતઓ પણ ટાંકી છે. પણ હાલ, કાવ્યકૌતુક કે તેના પરની અભિનવગુપ્તની ટીકા ઉપલબ્ધ નથી. કાવ્યાનુશાસનમાં, 'ઈતિહાસ કળા નથી' તેના સમર્થનમાં કાવ્યકૌતુકમાંથી ત્રણ પદ્ય ટાંકવામાં આવ્યા છે. ઔચિત્યવિચાર ચર્ચામાં ક્ષેમેન્દ્ર તથા કાવ્યપ્રકાશ સંકેતમાં

માણિક્ય, 'પ્રતિભા'ને લગતી પ્રસિધ્ધ પરિભાષા ભટ્ટ તોતના નામની ટાંકે છે. કાવ્યાનુશાસનમાં આ પરિભાષા કોઇ અજ્ઞાત આચાર્યના નામથી ટંકાયેલી છે. અભિનવનો સર્જનકાળ ૧૦મી સદીના ઉત્તરાર્ધથી ૧૧મી સદીનો પૂર્વાર્ધ માનવામાં આવે તો ભટ્ટ તોતનો સમય ૧૦ મી સદીનો પૂર્વાર્ધ માની શકોએ.

આ ઉપરાંત અભિનવભારતીમાં ભટ્ટ ગોપાલ, ઉત્પલદેવ, ભાગુરિ, પ્રિયાતિથિ, ભટ્ટ વૃધ્ધિ, ભટ્ટ સુમનસ, રુદ્દક તથા ભટ્ટ શંકર વિગેરે આચાર્યોના નામોનો ઉલ્લેખ મળે છે પણ તેમાંથી કેટલા નાટ્યશાસ્ત્રના વિવેચક કે ટોકાકાર હતાં તે જાણવા મળતું નથી.

## વાર્તિકકાર હર્ષ

હર્ષ અથવા શ્રી હર્ષ રચિત 'વાર્તિક' નામની નાટ્યશાસ્ત્ર પરની કૃતિ અભિનવગુપ્ત પહેલાં પણ પ્રચલિત હોવાનું જણાય છે. અભિનવભારતીમાં નાટ્યમંડપ, નાટ્ય અને નૃત્ત વચ્ચેનો ભેદ, પૂર્વરંગ, રસ આદિ સંબંધી વાર્તિકકાર હર્ષના મતની વિવેચના અભિનવગુપ્તે તેમના પદ્યમય વાર્તિકો ટાંકોને કરી છે. જો કે તેમાંના ઘણાં બધા વાર્તિક ખંડિત અને અસ્પષ્ટ છે. એના પરથી એવું અનુમાન કરી શકાય કે વાર્તિકકાર હર્ષે કદાચ નાટ્યશાસ્ત્ર ઉપર વાર્તિક સ્વરુપે ટીકા લખી હોય. શ્રી રામકૃષ્ણ કવિના[24] મત પ્રમાણે અંગહાર પર ખંડિત વાર્તિક મળી આવે છે. પરંતુ વી. રાઘવનનો[25] સ્પષ્ટ મત છે કે વાર્તિકકાર હર્ષે સંપૂર્ણ નાટ્યશાસ્ત્ર પર ટીકા લખી નથી. છઠ્ઠા અધ્યાય પછી આ વાર્તિકનો કોઇ અંશ ઉપલબ્ધ નથી. એમ તો અભિનવભારતીની ટીકા પણ નાટ્યશાસ્ત્ર ૭-૮ અધ્યાય તેમજ ૫ મા અધ્યાયના અંતિમ અંશ પર ઉપલબ્ધ નથી એ દલીલના આધારે શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[26] રાઘવનના આ મતને સ્વીકાર્ય ગણતા નથી. આ અંશો પર ટીકા ઉપલબ્ધ ન હોવાથી એ નહીંજ લખાઇ હોય એમ માનવાને કોઇ કારણ નથી. અભિનવભારતી ઉપરાંત ભાવપ્રકાશનમાં ત્રોટકના સંદર્ભમાં તથા નાટકલક્ષણરત્નકોશમાં 'શ્રી હર્ષ વિક્રમન રાધિપ' રુપે વાર્તિકકારનો ઉલ્લેખ છે. વાર્તિકકાર હર્ષ અને કનોજ બૌધ્ધ સમ્રાટ હર્ષ એકજ હોવાની કલ્પના ડો. શંકરન[27] કરે છે

પણ શ્રી દીક્ષિત તેને કલ્પના માત્ર ગણાવે છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[28] હર્ષને માતૃગુપ્તના સમકાલીન ગણાવી તેમનો સમય પણ ચોથી સદીનો અંત અને પાંચમી સદીનો પ્રારંભ જણાવે છે.

## માતૃગુપ્તાચાર્ય

અભિનવભારતીના ચોથા ભાગમાં અભિનવગુપ્તે માતૃગુપ્તના અવતરણો વીણાવાદનના પુષ્પ નામના ભેદની ચર્ચા કરતી વેળા તેમજ અન્ય પ્રસંગોએ ટાંકયા છે. પ્રાચીન ગ્રંથકારોમાં શારદાતનયે ભાવપ્રકાશમાં નાટકની કથાવસ્તુમાં ઉત્પાદ્ય નું મહત્વ જણાવતી વખતે તેના સમર્થનમાં માતૃગુપ્તનો મત ટાંકયો છે. તેમનાથી પણ પ્રાચીન લેખક સાગરનન્દીએ નાટકલક્ષણ રત્નકોશમાં અનેક જગ્યાએ માતૃગુપ્તના વિચારો ટાંકયા છે. 'અભિજ્ઞાન શાકુન્તલ' ના પ્રસિધ્ધ ટીકાકાર રાઘવભટ્ટે પોતાની 'અર્થદ્યોતનિકા' ટીકામાં ભરતતથા આદિ ભરતના મતોની સાથે સાથે માતૃગુપ્તના મૂળ પદ્યાત્મક અવતરણો ટાંકયા છે. રાજાનક કુન્તલે 'વક્રોક્તિ જીવિતમ્' ગ્રંથમાં માતૃગુપ્તના કાવ્યની સુકુમારતા અને વિચિત્રતાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. ૧૭મી સદીના સુંદરમિશ્રએ 'નાટ્યપ્રદીપ'માં માતૃગુપ્તનો ઉલ્લેખ ટીકાકારરૂપે કર્યો છે. આ બધા પ્રમાણોને આધારે શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[29] માતૃગુપ્ત આઠમી સદી પહેલાંના કવિ તથા નાટ્યાચાર્ય હોવાનું જણાવી માતૃગુપ્તે નાટ્ય તથા સંબંધી સ્વતંત્ર ગ્રંથો લખ્યા હોય અને તેમાં ભરતના વિચારોની સમીક્ષા કરી હોય એવું અનુમાન કરે છે. શ્રી રાઘવન[30] પણ માતૃગુપ્ત નાટ્યશાસ્ત્રના ટીકાકાર હોવાનો કોઇ સંગીન પુરાવો ન હોવાનું જણાવે છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[31] માતૃગુપ્તને શ્રી હર્ષવિક્રમાદિત્યના સમકાલીન જણાવી તેમનો સમય ઇ.સ.ની પાંચમી સદી નોંધે છે.

## આચાર્ય અભિનવગુપ્તપાદ

આચાર્ય અભિનવગુપ્તપાદ કાવ્યશાસ્ત્ર તથા નાટ્યશાસ્ત્ર સિવાય દર્શન અને તન્ત્ર આદિ શાસ્ત્રોના પારંગત પંડિત પણ હતા. તેમણે લખેલા ગ્રંથોમાં ૪૧ જેટલા ગ્રંથો જ્ઞાત છે. આમાંથી

અભિનવભારતી (ભરતમુનિના નાટ્યશાસ્ત્ર પરની ટીકા) તથા ધ્વન્યાલોક લોચન (આનંદવર્ધનના ધ્વન્યાલોક પરની ટીકા) કલા અને સાહિત્ય સંબંધી ગ્રંથો છે. આ ઉપરાંત તેમણે લખેલા અન્ય ગ્રંથોમાં દાર્શનિક ગ્રંથો અને તાંત્રિક ગ્રંથોનો સમાવેશ થાય છે. આચાર્ય અભિનવગુપ્ત કાશ્મીર શૈવતંત્રના આદ્ય સંસ્થાપક છે. (૧) બોધ પંચદશિકા (૨) પરાત્રિંશિકાવિવરણ (૩) માલિની-વિજય-વાર્તિક (૪) તન્ત્રાલોક (૫) તન્ત્રાસાર (૬) તન્ત્રવટધાનિકા (૭) પરમાર્થસાર (૮) ઇશ્વર-પ્રત્યભિજ્ઞાવિમર્શિની (૯) ઇશ્વર-પ્રત્યભિજ્ઞા -વૃત્તિવિમર્શિની (૧૦) ક્રમસ્તોત્ર (૧૧) દેહસ્થ-દેવતા-ચક્રસ્તોત્ર (૧૨) ભૈરવસ્તોત્ર (૧૩) પરમાર્થદ્વાદશિકા (૧૪) પરમાર્થ ચર્ચા (૧૫) મહોપદેશવિંશિકા (૧૬) અનુત્તરાષ્ટિકા (૧૭) અનુભવનિવેદન (૧૮) તંત્રોચ્ચય (૧૯) ઘટકર્પરકુલકવિવૃત્તિ (૨૦) ક્રમકેલી (૨૧) શિવદૃષ્ટ્યાલોચન (૨૨) પૂર્વપંચિકા (૨૩) પદાર્થ પ્રવેશ-નિર્ણય ટીકા (૨૪) પ્રકીર્ણકવિવરણ (૨૫) પ્રકરણવિવરણ (૨૬) કથામુખતિલક (૨૭) લઘ્વપ્રક્રિયા (૨૮) ભેદભાવ વિધરણ (૨૯) દેવીસ્તોત્ર વિવરણ (૩૦) તત્ત્વાધ્વપ્રકાશિકા (૩૧) શિવશક્ત્યવિનાભાવ સ્તોત્ર - આ મૌલિક ગ્રંથો, સ્તોત્રો, સ્તોત્રવિવરણો કાશ્મીર શૈવતંત્ર ઉપરની અભિનવગુપ્તની વિશાળ સેવાઓ છે. આ ઉપરાંત આ પ્રકારના તત્વજ્ઞાનને લગતા (૧) બિંબપ્રતિબિંબવાદ (૨) પરમાર્થ સંગ્રહ (૩) અનુત્તરશતક (૪) પ્રકરણસ્તોત્ર અને (૫) અનુત્તર તત્વ વિમર્શની વૃત્તિ નામથી જાણવામાં આવ્યા છે. ભગવદ્ગીતા ઉપરની એમની ટીકાનો 'ભગવદ્ગીતાર્થ સંગ્રહ' પણ છે.

આચાર્ય અભિનવગુપ્તે પ્રત્યભિજ્ઞાદર્શનનો આધાર લઇ, રસસિદ્ધાંત અને ધ્વનિસિદ્ધાંતનો સુભગ સમન્વય કરી રસસિદ્ધાંત એના સ્વાભાવિક સ્વરૂપમાં મૂર્ત કરી આપ્યો, એવો અભિપ્રાય છે

## નાટ્યશાસ્ત્રના અનુગામી આચાર્યો

### ધનંજય

ધનંજય માલવાના પરમાર વંશના રાજા મુંજ વાકપતિરાજ બીજાના રાજકવિ હતા.

એટલે એમનો સમય ૧૦મી સદીનો ઉત્તરાર્ધ માનવામાં આવ્યો છે. એમના ગ્રંથનું નામ દશરુપક છે જે નાટ્યશાસ્ત્રના અધ્યાય ૬, ૨૦, ૨૧, તથા ૨૨ પર આધારિત છે.* આ ગ્રંથમાં ચાર પ્રકાશની અંતર્ગત રુપક લક્ષણ, કથાવસ્તુ, નાયક નાયિકા, વૃત્તિઓ, તથા રસ વિગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં કેવળ નાટ્યરચના સંબંધી વિસ્તૃત ચર્ચા થઇ છે. નાટ્ય પ્રયોગ સંબંધી ચર્ચાનો તેમાં અભાવ છે. દશરુપકની રચના કારિકાઓમાં થઇ છે. ધનંજયના ભાઇ ધનિકે દશરુપકની અવલોક નામની ટીકા લખી છે. આ ઉપરાંત દશરુપક ઉપર બહુરુપમિશ્ર, ભટ્ટ નૃસિંહ, દેવપાણિ તથા ક્ષોણીધર મિશ્રની પ્રાચીન ટીકાઓ પણ છે.

## ભોજ

ભોજે 'શૃંગાર પ્રકાશ' તથા 'સરસ્વતી કંઠાભરણ' નામના કાવ્યશાસ્ત્રીય ગ્રંથો લખ્યા છે. શૃંગાર પ્રકાશના ૧૨માં પરિચ્છેદમાં તથા સરસ્વતી કંઠાભરણના પાંચમાં પરિચ્છેદમાં નાટ્ય વિષયક વિવેચના મળે છે. શ્રી ડોલરરાય માંકડ ભોજનો સમય ઇ.સ. ૧૦૧૮ થી ૧૦૬૩ નો ગણે છે.

## સાગરનન્દી

સાગરનન્દીએ રચેલો 'નાટક લક્ષણ રત્નકોષ' નામનો ગ્રંથ ઇ.સ.૧૯૩૭ માં ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા પ્રગટ થયો. તેમાં નાટ્યશાસ્ત્રનો આધાર લઇ રુપક, ઉપરુપક, વૃત્તિ, રસ, ભાવ, અલંકાર, નાયક-નાયિકા વિગેરે વિષયો વર્ણવવામાં આવ્યા છે. સાગરનન્દીએ અભિનય અંગની સંક્ષિપ્તમાં ચર્ચા કરી છે. સાગરનન્દી ધનંજય અને ભોજના અનુગામી હોવાથી તેમનો સમય ૧૧મી સદીનો ઉત્તરાર્ધ ગણવામાં આવે છે.

## હેમચંદ્રાચાર્ય

આચાર્ય હેમચંદ્રની કાવ્ય-નાટ્યવિષયક પ્રસિધ્ધ રચના તે 'કાવ્યાનુશાસન' જેના પર સ્વયં હેમચંદ્રે વિવેક નામની ટીકા લખી છે. આ ગ્રંથમાં મુખ્યત્વે અલંકાર શાસ્ત્રની

વિવેચના છે પણ આનુષંગિક રુપે નાટ્ય પર થોડી વિચારણા થયેલી છે જેમાં રુપકભેદ તથા રસસૂત્ર પરની વિવેચના નાટ્યશાસ્ત્ર પર આધારિત છે. તેમણે વ્યાકરણવિષયક મૌલિક ગ્રંથો પણ રચ્યા છે. તેઓ જૈન આચાર્ય હતાં અને જયસિંહ સિધ્ધરાજ તથા કુમારપાળના ગુરુ હતાં એટલે એમનો સમય ૧૨ મી સદી માનવામાં આવ્યો છે.

## રામચંદ્ર-ગુણચંદ્ર

હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્ર અને ગુણચંદ્રએ 'નાટ્યદર્પણ' ગ્રંથ તથા તેના પરની વૃત્તિ રચી છે. મૂળ ગ્રંથ કારિકામાં લખાયેલો છે જેમાં અભિનવભારતીનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં નાટ્યરચના સંબંધી ચર્ચા વિશેષ અને નાટ્યપ્રયોગ અભિનય સંબંધી ચર્ચા નહિવત્ પ્રમાણમાં છે. 'સુખદુ:ખાત્મો રસ: ' એ તેમનું મહત્વનું સૂત્ર છે અને રસની અનુભૂતિ કેવળ સુખાત્મક નહિ દુ:ખાત્મક પણ હોઇ શકે એવી તેમની રસ સંબંધી આગવી વિચારણા છે. હેમચંદ્ર આચાર્યના સમકાલીન હોવાથી તેમનો સમય બારમી સદીનો માનવામાં આવે છે.

## રુય્યક

રુય્યક અથવા રુચક કાશ્મીર નિવાસી હતાં જેમનો સમય ૧૨મી સદીનો માનવામાં આવે છે. અલંકાર સર્વસ્વ તથા સહૃદયલીલા તેમના પ્રસિધ્ધ ગ્રંથો છે. તેમણે મહિમ ભટ્ટના વ્યકિતવિવેક પર ટીકા પણ લખી છે. તેમણે નાટક મીમાંસા નામનો કોઇ નાટ્યગ્રંથ લખ્યો હોવાનું મનાય છે પણ તે ઉપલબ્ધ નથી.

## શારદાતનય

ભરતમુનિના નાટ્યશાસ્ત્ર પછી નાટ્યવિદ્યાને લગતો બીજો વિશાળ ગ્રંથ હોય તો તે શારદાતનય કૃત 'ભાવપ્રકાશ' છે. તેમણે પુરોગામી આચાર્યોની નાટ્ય સંબંધી વિચારણાનો આધાર લીધો છે પણ વિષયની રજુઆત અને શૈલી મૌલિક છે. તેમની દૃષ્ટિએ નાટ્યમાં

ભાવનું પ્રકાશન મુખ્ય છે. ભાવ, રસ, નાયક-નાયિકા સ્વરુપ, રુપકભેદ ઉપરાંત કથાવસ્તુ વિગેરે નાટ્યસિદ્ધાંતો તેમજ અભિનય વિગેરે નાટ્ય પ્રયોગના અંગોની સમીક્ષા પણ કરવામાં આવી છે. ભરત અને વૃદ્ધ ભરત તથા ષટ્સાહસ્ત્રી સંહિતા અને દ્વાદશસાહસ્ત્રી સંહિતા સંબંધી તેમની વિચારણાએ નાટ્યશાસ્ત્રના સ્વરુપ અને કતૃત્વ સંબંધી સારો એવો વિવાદ ઉભો કર્યો છે જેની ચર્ચા આ પૂર્વે થઇ ગઇ છે. શારદાતનયનો સમય ૧૨મી - ૧૩મી સદી વચ્ચેનો માનવામાં આવે છે.

## સિંહભૂપાલ

૧૪ મી સદીમાં થઇ ગયેલા સિંહભૂપાલના બે ગ્રંથો ઉપલબ્ધ છે. નાટક પરિભાષા જે નાટ્યવિદ્યાને લગતો છે અને રસાર્ણવ સુધાકર જે કાવ્યશાસ્ત્રને લગતો છે અને તેમાં દશરુપકના લક્ષણો આલેખવામાં આવ્યા છે. આ ગ્રંથો ઉપરાંત તેમણે કુવલયાવલી નાટિકા તથા સંગીત રત્નાકર પર ટીકા લખી હોવાનું મનાય છે.

## વિશ્વનાથ

૧૫મી સદીના પૂર્વાર્ધમાં થઇ ગયેલા વિશ્વનાથ કવિરાજનો ગ્રંથ 'સાહિત્યદર્પણ' મૂળે અલંકારશાસ્ત્રનો ગ્રંથ છે. તેના કઠ્ઠા પરિચ્છેદમાં નાટ્યતત્ત્વોની મીમાંસા કરતી વેળા ગ્રંથકારે પોતાના પુરોગામી નાટ્યાચાર્યો દ્વારા વર્ણિત વિષયો તેમજ સિદ્ધાંતોનું સંક્ષિપ્ત પણ સમગ્ર વિવરણ કર્યું છે તેમાં નાટ્યલક્ષણ, રુપકભેદ-ઉપભેદ તેમજ અર્થપ્રકૃતિ, સંધિ વિગેરે અંગોના લક્ષણ ઉદાહરણ નિરુપવામાં આવ્યા છે. તેમની અન્ય સર્જનાત્મક કૃતિઓમાં પુષ્પમાલિકા નાટિકા તથા ભાષાર્ણવ ગ્રંથ મુખ્ય છે. આ ઉપરાંત ચંદ્રકળા નાટિકા (પ્રગટ) તથા કાવ્યપ્રકાશ પરની ટીકા દર્પણની હાથપ્રત ઉપલબ્ધ છે.

## રુપગોસ્વામી

તેઓ વૈષ્ણવ સંત ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય હતા. તેમનો સમય ૧૫મી સદીનો ઉત્તરાર્ધ તથા ૧૬મી સદીનો પૂર્વાર્ધ માનવામાં આવે છે. તેમણે અન્ય ગ્રંથો પણ લખ્યા છે

પણ તેમનો નાટ્યવિષયક ગ્રંથ નાટક ચંદ્રિકા છે જેમાં ભરતમુનિના નાટ્યશાસ્ત્ર અનુસાર નાટ્યસંબંધી વિષયોની વિવેચના થઇ છે.

## સુન્દર મિશ્ર

'નાટ્યપ્રદીપ' નો કર્તા સુન્દર મિશ્ર પોતાના એ ગ્રન્થની રચ્યાસાલ ઇ.સ.૧૬૧૩ આપે છે. શાકુન્તલની ટીકામાં કાઘવભટ્ટ એનો ઉલ્લેખ કરે છે. 'નાટ્યપ્રદીપ'નો ઘણો ખરો ભાગ શબ્દશ: દશરુપકમાંથી ઉતાર્યો છે.

આ ઉપરાંત નાટ્યવિધાને લગતા અન્ય પ્રકીર્ણ ગ્રંથોમાં વિદ્યાનાથે રચેલા (૧૩મી સદીનો ઉત્તરાર્ધ - ૧૪મી સદીનો પૂર્વાર્ધ ) 'પ્રતાપ રૂદ્રયશોભૂષણં., કામરાજ દીક્ષિતે લખેલા કાવ્યેંદુ પ્રકાશ જેવા ગ્રંથોનો સમાવેશ થાય છે.

આ બધા ગ્રંથોમાં નાટકની સાહિત્યના સ્વરુપ તરીકે વિશેષ ચર્ચા થઇ છે અને નાટકના રંગમંચીય સ્વરુપની મીમાંસા એકાદ અપવાદ સિવાય નહિવત્ પ્રમાણમાં થઇ છે. રુપક, કથાવસ્તુ, નાયક-નાયિકા ભેદ, વૃત્તિ, વિગેરે અંગોની જેટલી છણાવટ થઇ છે તેટલી પ્રેક્ષાગૃહ, પ્રવૃત્તિ, નાટ્યપ્રયોગ તથા નાટ્ય અભિનય વિગેરે વિશે થઇ નથી. આ બધા ગ્રંથો ઉપર, નાટ્યશાસ્ત્રમાં થયેલી નાટ્યના સાહિત્યિક સ્વરુપ અંગેની વિચારણાનો પ્રભાવ વિશેષ વર્તાય છે, મૌલિક વિચારણા ઓછી જોવા મળે છે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

१ વિસ્તૃત ચર્ચા અધ્યાય-૨, પ્રકરણ-(૧) 'ભરતમુનિ પૂર્વે અભિનયવિચારણા' શિર્ષક હેઠળ કરવામાં આવી છે.

૨ શ્રી કે.કા.શાસ્ત્રી દ્વારા ઉલ્લેખાયેલ અવતરણ (નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય )

૩ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય

૪ આ અંગે વિસ્તૃત ચર્ચા અધ્યાય-૨ પ્રકરણ (૧) 'ભરતમુનિ પૂર્વે અભિનયવિચારણા' શિર્ષક હેઠળ કરવામાં આવી છે.

૫ ના.શા. અને આ.અભિ.

૬ નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના.

૭ શ્રી ડોલરરાય માંકડે ટાંકેલું વિધાન (સંસ્કૃત નાટ્યશાસ્ત્ર)

૮ સંસ્કૃત નાટ્યશાસ્ત્ર ડોલરરાય માંકડ પૃ.૧૪

૯ અભિનવભારતી સાથેના ના.શા.ની પ્રસ્તાવના.

૧૦ નાટ્યશાસ્ત્ર પ્રદીપ પ્રસ્તાવના પૃ.૨૫

૧૧ એજન

૧૨ History of Sanskrit Poetics 57

૧૩ Journal of Andhra Historical Society V.III 24

૧૪ નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના.

૧૫ અભિનવભારતી સાથેના ના.શા.ની પ્રસ્તાવના.

૧૬ નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના.

૧૭ ભરત ઔર ભારતીય નાટ્યકલા.

૧૮ એજન.

૧૯ નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના.

૨૦ ભરત ઔર ભારતીય નાટ્યકલા.

૨૧ નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના.

૨૨ History of Sanskrit Poetics.

૨૩ નાટ્યશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના.

૨૪ અભિનવભારતી સાથેના ના.શા.ની પ્રસ્તાવના.

૨૫થી ૩૧ નાટ્યશાસ્ત્ર પ્રદીપમાં ટાંકવામાં આવેલા અવતરણો.